અપીલ અરજી નં.૧૭૭ તા.૭–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મુક્તીઆર એ. શેખ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુક્તીઆર એ. શેખની તા.૧૭–૭–૦૯ ની અરજીથી સુરત મ્યુ. કોર્પોરેશનના સ્થા. સ. ઠરાવ નં.૪૧૪/૨૦૦૯ તા.૨૭–૨–૦૯ ને બહાલી આપી મંજુર રાખતો સુરત મ્યુ. કોર્પોરેશનની સામાન્ય સભાનો ઠરાવ નં.૧૩૮/૨૦૦૯ તા.૨૫–૫–૦૯ ને કમિશ્નર સુ.મ. પા. એ ગુજરાત સરકારશ્રીના શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગ અગર તો સચિવાલયના અન્ય જે વિભાગ/ખાતામાં જે તે કક્ષાએ બીપીએમસી એકટની કલમ–૪૫૧ યા અન્ય કોઈ પણ કારણો દર્શાવી કાર્યવાહી/માર્ગદર્શન રદ કરવા તથા અમલ મૌકુફ રાખવા મોકલેલ હોય તો તેની દરખાસ્તોની નકલો તથા સાથે બીડવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ/બિડાણોની નકલની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૭–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૭૭/૨૦૦૯–૧૦

શ્રી મુક્તીઆર એ. શેખની તા.૧૭–૭–૦૯ નીઅરજીથી સુરત મ્યુ. કોર્પોરેશનના સ્થા. સ. ઠરાવ નં. ૪૧૪/૨૦૦૯ તા.૨૭–૨–૦૯ ને બહાલી આપી મંજુર રાખતો સુરત મ્યુ. કોર્પોરેશનની સામાન્ય સભાનો ઠરાવ નં.૧૩૮/૨૦૦૯ તા.૨૫–૫–૦૯ ને કમિશ્નર સુ.મ. પા. એ ગુજરાત સરકારશ્રીના શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગ અગર તો સચિવાલયના અન્ય જે વિભાગ/ખાતામાં જે તે કક્ષાએ બીપીએમસી એકટની કલમ–૪૫૧ યા અન્ય કોઈ પણ કારણો દર્શાવી કાર્યવાહી/માર્ગદર્શન રદ કરવા તથા અમલ મૌકુફ રાખવા મોકલેલ હોય તો તેની દરખાસ્તોની નકલો તથા સાથે બીડવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ/બિડાણોનીનકલની માહિતી આપવા બાબતે શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૧૩–૮–૦૯ ના પત્ર નં..જીએડી/ઈએસટી/૧૪૨૩ ના નિર્ણયથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૭ તા.૧૧–૯–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૧૮૫૮ તા.૧૬–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ તથા સેન્ટ્રલઝોન, આસી. સેક્રેટરીના અને આસી. કમિશ્નરનો અનુક્રમે તા.૧૮–૭–૦૯, ૨૧–૭–૦૯ તથા તા.૨૨–૭–૦૯ ના તબદીલ પત્ર, અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને પાઠવેલ નં.જીએડી/ઈએસટી/૧૪૨૩ તા.૧૩–૮–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૭–૭–૦૯ ની અરજી સેન્ટ્રલ ઝોન તરફથી પર્સોનલ ઓફિસર મહેકમને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૦૩ તા.૨૨–૭–૦૯ ના રોજ અને આસી. સેક્રેટરીને નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૭૭ તા.૧૮–૭–૦૯ થી અરજી તબદીલ કરવામાં આવેલ. જે આસી. સેક્રેટરી સ્થા.સ. અને નં.આરટીઆઈ/સેક્રેટરી/સ્થા.સ./આ.નં.૩૮ તા.૨૧–૭–૦૯ થી આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને તબદીલ કરવામાં આવેલ. તેમના તરફથી નં.સી.૧૨૮૭ તા.૧–૮–૦૯ થી ડે.કમિશ્નર (પઅને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ઉપરોકત વિષય બાબતે માંગવામાં આવેલી માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૪૨૩ તા.૧૩–૮–૦૯ થી "ડૉ. દુધવાલા સામે થયેલા આક્ષેપો સંદર્ભે વહીવટીદાર શ્રી (કોર્પોરેશન) ના ઠરાવ નં.૧૧૧૮/૨૦૦૫ તા.૧૦–૧૨–૦૫ ના અનુસંધાને ઓફીસ ઓર્ડર નં.જીએડી/ઈએસટી/૨૭૧૩/૨૭૧૪ તા.૨૩–૧૨–૦૫ થી નિમવામાં આવેલ બે તપાસ સમિતિના અહેવાલો સંદર્ભેની દરખાસ્ત અન્વયે સા.સ.ઠ.નં. ૧૩૮/૨૦૦૯ તા.૨૫–૫–૦૯ ના અનુસંધાને વહીવટી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. જેનો અંતિમ નિર્ણય આવેલ ન હોય હાલ સદર માહિતી આપી શકાય તેમ નથી. વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી આવી માહિતી આપી શકાશે." તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. જે આરટીઆઈ એકટની કલમ–૮(૧) સાથે સુસંગત જણાય છે.

અરજદારે તેમની તા.૭–૯–૦૯ ની અપીલ અરજીમાં જણાવેલ અપીલનું કારણ માહિતી અધિકાર અધિનિયમ–૩(૧) મુજબ ની તા.૧૭–૭–૦૯ ની માહિતી માંગતી અરજી બાબતે શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૧૩–૮–૦૯ ના પત્ર નં. નં.જીએડી/ઈએસટી/૧૪૨૩ ના નિર્ણયથી નારાજ હોવાથી અપીલ દાખલ કરું છું. જેથી અરજદારે શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. ના તા.૧૩–૮–૦૯ ના પત્ર સામે નારાજગી દર્શાવેલ છે. પરંતુ પત્રનો નંબર તથા તારીખ પત્રની નકલ સાથે સરખાવતાં તે અત્રેના જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પઅનેઈ) ના જણાય છે. આમ અરજદારે જાહેર માહિતી અધિકારીના વિભાગનું નામ જણાવવામાં ભૂલ કરેલ ફલીત થાય છે. જે અંગે તા.૩૦–૩–૦૯ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ હાજર રહેલ. અરજદાર હાજર રહેલ નહીં પરંતુ તેમના જુનીયર એડવોકેટ શ્રી ઈસ્માઈલ શેખ હાજર રહી લેખિતમાં રજૂઆત કરેલ. અરજદાર તરફથી અપીલ સત્તાધિકારીને અપીલ કરતી વખતે જણાવેલ આધારમાં શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. ગાંધીનગર, ગુજરાત રાજયના પત્રના નંબર ટાંકવામાં આવેલ છે. જયારે અપીલ માટે સુનાવણી તબકકે લેખિતમાં રજૂઆત કરેલ છે. તેમાં ડે.કમિશ્નર(પઅનેઈ) ના પત્રનો સંદર્ભ ટાંકીને જવાબ કરેલ છે. આમ

બંને વિરોધાભાસી છે. જો અરજદાર ઈચ્છે તો ફરીથી ડે.કમિશ્નર(પઅનેઈ) ના લેટર સંદર્ભે ફરીથી અપીલ અરજી કરી શકે છે. જેથી હાલ પરંતુ અપીલનું કારણ બનતું ન હોય અપીલ રદ કરવામાં આવે છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે અરજદારે તા.૭–૯–૦૯ ની અપીલ કરતી જણાવેલ આધાર શ.વિ. અને શ.વિ.ગૃ.નિ., ગાંધીનગર ગુજરાત રાજયના પત્રનો સંદર્ભ ટાંકી અપીલ અરજી કરવામાં આવેલ છે. જયારે અપીલના સુનાવણી તબકકે લેખિતમાં કરેલી રજૂઆત ડે.કમિશ્નર(પઅનેઈ) ના પત્રનો સંદર્ભ ટાં કીને રજૂઆત કરેલ છે. આમ બંને વિગતો વિરોધાભાસી જણાય છે. જેથી અપીલનું કોઈ કારણ બનતું નહોય અપીલ રદ કરવામાં આવે છે. અને અરજદાર ઈચ્છે તો ફરીથી ડે.કમિશ્નર(પઅનેઈ) ના પત્ર સંદર્ભે ફરીથી અપીલ અરજી કરી શકે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

*ડે.કમિશ્નર(જનરલ.)*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ,***
(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ).... જાણ તથા અમલ માટે
(૨)શ્રી કે એમ. શેખ,